મહેમદાવાદ પોલીસની જુગારની રેડમાં પકડાયેલા શખસની ફિંગરપ્રિન્ટ લેતી વખતે મોત નિપજતા હોબાળો

પોલીસ કસ્ટડીમાં આધેડના મોતથી હોબાળો

પોલીસ પર કસ્ટડીમાં ઢોર માર મારવાનો ગંભીર આરોપ લગાવી હોસ્પિટલ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહેમદાવાદ તાલુકાના સુંઢા વણસોલ ગામમાં પોલીસે પાડેલી જુગારની રેડ બાદ એક નાટકીય અને ગંભીર ઘટના સામે આવી છે. પોલીસ મથકે લાવવામાં આવેલા ૫૦ વર્ષીય ગોવિંદ રાયસીંગ ચૌહાણનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતકના પરિવારજનોએ પોલીસ પર કસ્ટડીમાં ઢોર માર મારવાનો ગંભીર આરોપ લગાવી હોસ્પિટલ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના કારણે પરિસ્થિતિ તંગ બનતા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

મહેમદાવાદ પોલીસને મળેલી બાતમીના આધારે બપોરે ૩ વાગ્યે સુંઢા વણસોલ ગામમાં જુગાર અંગે દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં ગોવિંદ ચૌહાણ સહિત અન્ય શખસોને ઝડપી પાડવામાં આવ્યા હતાં. પોલીસ સ્ટેશન લાવી તેમની સામે ગુનો નોંધી જામીન આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, જામીન મળ્યા બાદ જ્યારે આરોપીઓના ફિંગરપ્રિન્ટ લેવાની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે ગોવિંદભાઈ અચાનક ઢળી પડ્યા હતાં. તેમને તાત્કાલિક મહેમદાવાદ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં.

આ સમાચાર વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા અને પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પરિવારે આક્ષેપ કર્યો છે કે, પોલીસના મારને કારણે જ આધેડનું મોત થયું છે. બીજી તરફ, પોલીસ અધિકારીઓએ બચાવ કરતા જણાવ્યું હતું કે આરોપીને ફર્સ્ટ ફ્લોર પર લઈ જતી વખતે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. હાલમાં આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ સ્થિતિને કાબૂમાં લેવા ખેડાના ડીવાયએસપી, પ્રાંત અધિકારી, મામલતદાર અને પીઆઈ સહિતનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. કસ્ટોડિયલ ડેથના આ મામલે હવે ફોરેન્સિક રિપોર્ટ બાદ જ સત્ય બહાર આવશે તેવી શક્યતા છે.

'અચાનક ચક્કર આવ્યા ને ઢળી પડ્યા'

ગોવિંદ ચૌહાણની સાથે પકડાયેલા પ્રત્યક્ષદર્શી રણજીત ડાભીએ જણાવ્યું હતું કે, તેઓ કુલ ૬ લોકો હતા. પોલીસ મથકે પંચનામું થયા બાદ જ્યારે તેઓ ઉપરના માળે સહી કરવા માટે ગયા, ત્યારે ગોવિંદભાઈ અચાનક ચક્કર ખાઈને નીચે પડી ગયા હતાં.

મેડિકલ પેનલ દ્વારા પોસ્ટ મોર્ટમ કરાશે

આ ઘટનાની સંવેદનશીલતા જોતા એસડીએમ દ્વારા ઈન્ક્વેસ્ટ પંચનામું કરવામાં આવ્યું છે. મોતનું સાચું કારણ જાણવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ પેનલ અને ફોરેન્સિક એક્સપર્ટ્સની હાજરીમાં મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરવાનો નિર્ણય લેવાયો છે.

વીરપુર : ખેડૂત પાસેથી દોઢ લાખ પડાવવામાં બે ગઠિયાં પકડાયાં

રાજસ્થાનની ટોળકી સામેના ગુનામાં 'લુટારી દુલ્હન' સહિત બે ફરાર

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૬

વીરપુરનાા ખેડૂત યુવકને લગ્ન કરાવી આપવાના બહાને કુલ રૂ. ૧.૫૦ લાખ પડાવી લીધા બાદ, કન્યા અને વચેટીયાઓ નાસી છૂટ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે વીરપુર પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જેમાં બેની ધરપકડ કરવામાં આવી છે.

વીરપુર તાલુકાના લીમરવાડા (જમણાવત) ગામમાં રહેતા ૩૭ વર્ષીય ખેડૂત મથુરભાઈ નાનાભાઈ પરમારને લગ્ન કરવાના હોવાથી ગામના જ એક વ્યક્તિ મારફતે રાજસ્થાનના રતન ઉર્ફે રાકેશ પાંડોરનો સંપર્ક થયો હતો. રતને કન્યા બતાવવાની લાલચ આપી મથુરભાઈને રાજસ્થાનના સીમલવાડા તાલુકાના માલા ખોડા પારડા ગામે બોલાવ્યા હતા, જ્યાં મનિષાબેન નામની કન્યા બતાવવામાં આવી હતી. લગ્ન નક્કી કરવા માટે અલ્પેશ નામના વચેટીયાએ રૂ. ૧.૫૦ લાખની માંગણી કરી હતી.

૪થી ઓક્ટોબર,૨૦૨૫ ના રોજ મથુરભાઈ લગ્ન વિધિ પતાવી કન્યાને તેડવા રાજસ્થાન ગયા ત્યારે તેમણે રકમ ચૂકવી દીધા હતા. પૈસા લીધા બાદ વચેટીયાઓએ જણાવ્યું કે, તમે મંદિરે પહોંચો, અમે કન્યાને ત્યાં પગે લગાડી તમારી ગાડીમાં બેસાડી દઈશું. જોકે, મથુરભાઈ મંદિરે પહોંચે તે પહેલા જ કન્યા રતનની બાઈક પર બેસીને રફુચક્કર થઈ ગઈ હતી. સાંજ સુધી કોઈ ન આવતા અને ફોન સ્વીચ ઓફ આવતા મથુરભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આખરે, મથુરભાઈએ આ કાવતરા બદલ કન્યા મનિષાબેન, રતન ઉર્ફે રાકેશ, કલુભાઈ અને અલ્પેશભાઈ વિરુદ્ધ વીરપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં વીરપુર પોલીસને રતનલાલ ઉર્ફે રાકેશ લક્ષ્મણ પાંડોર (રહે. ઠુઠાવાળા તા. સીમલવાડા) અને અલ્પેશ ઉર્ફે જયેશ કોદર તરાળ (રહે. કંબોપા તા.સીમલવાડા મૂળ રહે. માલપુર)ની ધરપકડ કરી વધુ તપાસ અર્થે રિમાન્ડ મેળવવામાં આવ્યાં છે.

વિદ્યાનગરની આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ સેક્શન) ખાતે 'કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા આઇએએસ અધિકારી અને ગુજરાત એનર્જી લિમિટેડના સચિવ અવંતિકા સિંઘનું શાળાના એનસીસી એર વીંગના કેડેટ્સ દ્વારા પરેડ યોજી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદના ડેપ્યુટી કલેક્ટર એચ. ઝેડ. ભાલીયા, જિલ્લા શિક્ષણાધિકારી કામિનીબેન ત્રિવેદી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉત્સવ દરમિયાન ધોરણ-૯માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો આપી આવકારવામાં આવ્યા હતા, તેમજ માર્ચ-૨૦૨૬ની એસ.એસ.સી. બોર્ડ પરીક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને એવોર્ડ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય ભાવેશભાઇ ભટ્ટ અને સમગ્ર સ્ટાફના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ખેડાના વાઇબ્રન્ટ કોન્ફરન્સમાં ૧૭૬૩ કરોડના ૭૩ ડ્રીમ પ્રોજેક્ટ્સ પર મહોર મારવામાં આવી

ખેડા 'ઈન્ડસ્ટ્રીયલ પાવર હાઉસ' બનશે!

એગ્રો, ફાર્મા અને ટેક્સટાઇલ સેક્ટરમાં તોતિંગ રોકાણ સાથે હજારો રોજગારીના દ્વાર ખુલશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

નડિયાદના ગોબલેજ ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ ખેડા' રીઝનલ કોન્ફરન્સ-૨૦૨૬ના માધ્યમથી ખેડા જિલ્લાના ઔદ્યોગિક ઈતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. આ કાર્યક્રમમાં રૂ. ૧૭૬૩.૨૩ કરોડના ૪૩ જેટલા સામૂહિક કરારો કરવામાં આવ્યા છે, જે ખેડાને વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું કેન્દ્ર બનાવશે.

ખેડા જિલ્લો હવે માત્ર ખેતી ક્ષેત્રે જ નહીં, પરંતુ ઉદ્યોગોના ક્ષેત્રે પણ દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બનવા સજ્જ થયો છે. ગોબલેજ સ્થિત પામ ગ્રીન્સ ક્લબ ખાતે યોજાયેલી મધ્ય ગુજરાત વાઇબ્રન્ટ રીઝનલ કોન્ફરન્સમાં એગ્રો, ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ્સ, પ્લાસ્ટિક અને એન્જિનિયરિંગ જેવા પાયાના ક્ષેત્રોમાં કરોડોના રોકાણો માટે સહમતી સધાઈ છે.

ખેડામાં ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ પાર્ક અને ગ્રીન હાઈટેક પાર્ક જેવા આધુનિક પ્રોજેક્ટ્સ કાર્યરત થયા છે. વળી, અગ્રણી કંપનીઓના વેરહાઉસ અને લોજિસ્ટિક પાર્કની સ્થાપનાથી ખેડા જિલ્લો 'વિકસિત ભારત-૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવામાં મહત્વનું યોગદાન આપશે. આ કોન્ફરન્સમાં નાસ્કોમ દ્વારા ઉદ્યોગ સાહસિકોને કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ) ના ઉપયોગ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેથી સ્થાનિક ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે. ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે ઉદ્યોગકારોને જમીન સંપાદન સહિતના વહીવટી પ્રશ્નોમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી છે.

ખેડા જિલ્લામાં ૪ નવી જીઆઈડીસી સ્થાપાશે

ખેડા જિલ્લામાં ઔદ્યોગિક માળખાને મજબૂત કરવા માટે સરકારે જિલ્લામાં ચાર નવા ઔદ્યોગિક વસાહતો (GIDC)ની જાહેરાત કરી છે. જેમાં સરખેજ, અંગાડી (ગળતેશ્વર), મહીજ (ખેડા) અને મહીસા (મહુધા) ખાતે નવી જીઆઈડીસી સ્થાપવામાં આવશે, જેનાથી સ્થાનિક યુવાનોને ઘરઆંગણે જ રોજગારી ઉપલબ્ધ થશે.

લુણાવાડામાં દારૂડિયા પતિએ પત્નીને માર માર્યો

કોલવણ ગામમાં બટાકાનું શાક જોઈ પતિ ઉશ્કેરાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

લુણાવાડા તાલુકાના કોલવણ ગામમાં રસોઈ મામલે ઉશ્કેરાયેલા પતિએ પત્ની પર જીવલેણ હુમલો કરી ઈંટ વડે ગંભીર ઈજા પહોંચાડી હતી.

ખાનપુરના ઈસરોડા ગામની દીકરી સોનલબેનના લગ્ન સાત વર્ષ પૂર્વે કોલવણના નરેશ પગી સાથે થયા હતા. આ લગ્નજીવનમાં છેલ્લા ચાર વર્ષથી દારૂડિયા પતિ અને સાસુ-સસરા ઘરકામ તેમજ ખેતરના કામ બાબતે સોનલબેનને ત્રાસ આપતા હતા. આ ગંભીર ઘટના ગત ૨૩મી મે, ૨૦૨૬ના રોજ બની હતી, જ્યારે નરેશ પગી દારૂના નશામાં ઘરે આવ્યો હતો. રસોઈમાં બટાકાનું શાક જોઈને તે ઉશ્કેરાયો હતો અને પત્ની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. પતિએ બિભત્સ ગાળો આપી પત્નીને ગડદાપાટુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બચવા માટે ભાગતી પત્નીને પાછળથી છુટ્ટી ઈંટ મારતા સોનલબેનને જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

આ આખી ઘટના દરમિયાન સાસુ રાજુબેન અને સસરા સરદારભાઈએ સોનલબેનને છોડાવવાને બદલે પુત્રનો જ સાથ આપ્યો હતો. હાલમાં ઈજાગ્રસ્ત પરિણીતા ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહી છે. પોલીસે પત્નીની ફરિયાદના આધારે પતિ સહિત ત્રણેય સાસરીયાઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદમાં ૧૨ વર્ષના સુશાસનની ઉજવણી નિમિત્તે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું

નડિયાદ | નડિયાદના યોગી ફાર્મ ખાતે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ - પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળમાં થયેલા જનકલ્યાણના કાર્યો અને સામાજિક નવચેતનાના ઉદય વિશે મંત્રીઓએ પ્રેરક ઉદબોધન કર્યું હતું. ગંજ બજાર વેપારી એસોસિએશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ ધારાસભ્યોની હાજરીમાં સરકારી યોજનાઓની માહિતી આપતું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

નડિયાદના સક્ષમ સેન્ટર ખાતે દિવ્યાંગ બાળકો દ્વારા યોગા દિવસ અને ફાધર્સ ડેની ઉજવણી

નડિયાદ | નડિયાદમાં સક્ષમ દિવ્યાંગ થેરાપી અને પ્રી-વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય યોગા દિવસ અને ફાધર્સ ડેની સંયુક્ત રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દિવ્યાંગ બાળકોએ વિવિધ યોગાસનો કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને ફાધર્સ ડે નિમિત્તે ગીતો પર ડાન્સ કરી સુંદર ચિત્રો બનાવ્યા હતા. ટ્રસ્ટી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાની બહેનો ડો. આહુતિબેન, સોનલબેન અને વૈશાલીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. દિવ્યાંગ બાળકોમાં રહેલી વિશેષ પ્રતિભાને પ્રોત્સાહિત કરવાના હેતુથી આ સુંદર કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદ શહેરના જાગનાથ મહાદેવ ગુરુકુળમાં 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી કરાઇ

આણંદ | શહેરના જાગનાથ મહાદેવ ગુરુકુળમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રારંભે નવા પ્રવેશ મેળવતા ભૂલકાઓ માટે 'શાળા પ્રવેશોત્સવ' નો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાયો હતો. મહંત શુભમપુરી મહારાજના આશીર્વાદ સાથે સંસ્થાના મંત્રી જયંતીભાઇ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મફતભાઇ પરમાર અને આચાર્ય હર્ષિતભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું હતું. આ શાળા પરિવાર દ્વારા નવા આવનાર વિદ્યાર્થીઓનું પૂજન કરી, પુષ્પ અર્પણ કરી અને મોઢું મીઠું કરાવીને તેઓને ઉમંગભેર શાળામાં આવકાર્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક ધર્મેશકુમાર શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.

લુણાવાડાના નંદ ઘરમાં કલેક્ટરે ભૂલકાઓ સાથે જમીન પર બેસી આત્મીય સંવાદ સાધ્યો

લુણાવાડા | રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લા કલેક્ટર અર્પિત સાગરે લુણાવાડા ખાતેના વાવના મુવાડા નંદ ઘરની મુલાકાત લીધી હતી. કલેક્ટરે ૧૬ જેટલા નાના બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રવેશ કરાવ્યો અને તેમની સાથે જમીન પર નીચે બેસીને સહજતાથી આત્મીય સંવાદ સાધ્યો હતો. તેમણે બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકતા ઉપસ્થિત વાલીઓ સાથે સ્વાસ્થ્ય અને પ્રાથમિક ટેવો અંગેની જાગૃતિ બાબતે પણ વિશેષ ચર્ચા કરી હતી. જિલ્લાના ઉચ્ચ અધિકારીના આ અનોખા બાળપ્રેમ અને સહજતાને જોઈને નાના ભૂલકાઓ અને વાલીઓમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પેટલાદની અરડી પ્રાથમિક શાળામાં દાતાઓના સહયોગથી ભવ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરાયું

પેટલાદ | પેટલાદ તાલુકાની અરડી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ પ્રસંગે ગામના દાતાના સંયુક્ત યોગદાનથી નિર્મિત ભવ્ય પ્રવેશદ્વાર અર્પણ કરવામાં આવ્યો હતો. રતુભાઈ પટેલ તથા અમેરિકા સ્થિત કિરીટભાઇ પટેલના આર્થિક સહયોગથી બનેલા આ દ્વારનું ઉદઘાટન શ્રી ભરતભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું અને શાળા પરિસરમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય શિક્ષક ઉમેશભાઇ પટેલે દાતા પરિવાર અને દાન સંકલન કરનાર પરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત સૌ વાલીઓનો આભાર માન્યો હતો.

ગળતેશ્વરની કુણી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ નિમિત્તે 49 બાળકોનું નામાંકન કરાયું

સેવાલિયા | ગળતેશ્વર તાલુકાની કુણી પ્રાથમિક શાળામાં ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ અંતર્ગત આંગણવાડી-બાલવાટિકાના કુલ 49 બાળકોને પ્રવેશ અપાયો હતો. આ પ્રસંગે CET, NMMS અને વાર્ષિક પરીક્ષામાં પ્રથમ આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દાતાઓ તરફથી શાળાને ₹10,000નું દાન મળ્યું હતું, જ્યારે ધારાસભ્યશ્રીએ વૃક્ષારોપણ કરી સ્માર્ટ ક્લાસ અને કોમ્પ્યુટર લેબની કામગીરીને બિરદાવી હતી.

વડતાલધામ દ્વારા શ્રીહરિની ૧૯૬મી પુણ્ય સ્મૃતિ નિમિત્તે ૩૦થી વધુ સંસ્થાઓમાં ભોજન સેવા આપી

આણંદ | વડતાલ મંદિર દ્વારા ભગવાન સ્વામિનારાયણની ૧૯૬મી પુણ્ય સ્મૃતિ પ્રસંગે ચરોતરના વૃદ્ધાશ્રમો અને અનાથ આશ્રમોમાં ભોજન પ્રસાદનું વિતરણ કરાયું હતું. સંસ્થાના ચેરમેન ડો. સંતસ્વામીની પ્રેરણાથી ૩૦થી વધુ સંસ્થાઓના ૨૦૦૦થી વધુ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મહાપ્રસાદ પહોંચાડવામાં આવ્યો હતો. આ પવિત્ર અવસરે વડતાલ મંદિરમાં ૧૦૦ સત્સંગી બહેનો દ્વારા મહાપૂજાનું આયોજન કરી ભગવાન શ્રીહરિને ભાવપૂર્વક સ્મરણાંજલિ અર્પવામાં આવી હતી. અ.નિ. જયદીપભાઈ રૂપારેલીયાના સ્મરણાર્થે યોજાયેલ આ જનસેવા કાર્યમાં સંતો અને સેવકોની ટીમે ઉત્સાહપૂર્વક વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

ખેડાના હરિયાળા પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવમાં ધારાસભ્ય અને મહાનુભાવોની હાજર રહ્યાં

ખેડા | ખેડા તાલુકાની હરિયાળા પ્રાથમિક શાળામાં નવા પ્રવેશ મેળવતા બાળકોને કુમકુમ તિલક કરી અને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી નિમિત્તે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર અને જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશભાઈ તડવીએ ઉપસ્થિત રહી બાળકોને ભણી-ગણીને સ્વનિર્ભર બનવા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ખેડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતીકભાઈ પટેલ, સરપંચ લાભુભાઈ ચાવડા સહિતના અગ્રણીઓ, શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કપડવંજમાં રૂ. ૨.૨૮ કરોડના શાળા ભવનના લોકાર્પણ પ્રસંગે તમામ ગામોને ઓરડાથી સજ્જ કરવા ખાતરી

કપડવંજ | કપડવંજ તાલુકા શાળા ખાતે 'કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬' અંતર્ગત ૫૫ જેટલા નવા બાળકોને શૈક્ષણિક કીટ આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ રૂ. ૨,૨૮,૦૫,૩૯૩ ના ખર્ચે નિર્મિત અદ્યતન શાળા મકાનનું લોકાર્પણ કરી શિક્ષણ પ્રત્યે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે નગરપાલિકાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં શાળાને સહયોગ આપનાર દાતા મુકેશભાઈ અને ધવલભાઈ વૈદ્યનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરાયું હતું.

કપડવંજમાં દિવ્યાંગ બાળકોના વાલીઓ માટે માર્ગદર્શન કાર્યશિબિર યોજાઈ

કપડવંજ | શહેરની વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના શારદા સંકુલમાં વાઘ બકરી ફાઉન્ડેશનના સહયોગથી દિવ્યાંગ બાળકો અને તેમના વાલીઓ માટે વિશેષ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદથી પધારેલા ફાઉન્ડેશનના અધિકારીઓ અજયભાઈ અને મિલીનભાઈએ સંસ્થાની મુલાકાત લઈ બાળકો તથા વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અંધજન મંડળના કૃપાબેને વાલીઓને સુંદર માર્ગદર્શન આપ્યું હતું, જેમાં સંસ્થાના માનદમંત્રી ડો. કુડલીયા સહિતના અગ્રણી ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા દિવ્યાંગ બાળકોના કલ્યાણ અને વાલીઓના સશક્તિકરણ માટેના પ્રયાસોને બળ મળ્યું હતું.

કપડવંજની સ્પંદન બાલમંદિરમાં મોબાઈલ છોડો અને મોનિટર બનોનો પ્રેરણાદાયી અભિગમ

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન બાલમંદિરે બાળકોને મોબાઈલની લતથી દૂર રાખવા માટે જે બાળક મોબાઈલ ન વાપરે તેને 'ક્લાસ મોનિટર' બનાવવાનો અનોખો અભિગમ અપનાવ્યો છે. આ યોજના અંતર્ગત ડો. સંકેત પટેલના પુત્ર માર્મિકે સતત છ માસ સુધી મોબાઈલથી દૂર રહીને પોતાનું મોનિટર બનવાનું સ્વપ્ન સાકાર કર્યું છે. શાળાના આ નવતર પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકના જીવનને યોગ્ય દિશા આપી તેમને ડિજિટલ ઉપકરણોના બદલે શિક્ષણ તરફ વાળવાનો છે. માર્મિકની આ સિદ્ધિ બદલ શાળાએ તેના માતા-પિતા સહિત દાદા-દાદીના સહયોગને પણ બિરદાવી તેમને વિશેષ ધન્યવાદ પાઠવ્યા હતા.